Rajkot Municipal Corporation

Genral Board Question Detail Report

માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date:	20-11-2026
Question No:	1(1)
Corporator Name:	SANJAYBHAI ARUNBHAI CHAVDA - Corporator : Ward 05
Question Subject:	રાજકોટ મહાનગરપાલિકામાં મુખ્ય કચેરી અને બે ઝોન સહિત કુલ કેટલી બિલ્ડીંગ છે તેનું વીજળીનું બિલ કેટલું આવે છે તે પૈકી ની કેટલી બિલ્ડીંગ પર સોલાર પેનલ છે? સરકારની આ યોજનાને અનુસરવા મહાનગર પાલિકાનું શું આયોજન છે? (વહીવટી અને અન્ય બિલ્ડીંગ અંગે આંકડાકીય માહિતી આપવી)
Department:	ROSHNI BRANCH
Ward:	OTHER
Employee:	E2582-JIVANI BHAVESHBHAI DHIRAJLAL
Question Detail:	-
Question Date:	12-11-2026

Answer Details:

રાજકોટ મહાનગર પાલિકામાં મુખ્ય કચેરી અને બે ઝોન સહિત અલગ અલગ વિભાગ તરફથી પ્રાપ્ત માહિતી મુજબ અંદાજીત ૩૫૬ બિલ્ડીંગો છે. • સદરહું બિલ્ડીંગ વીજળી નાં બિલ અન્વયે સને ૨૦૨૫-૨૬ માં કુલ રૂ. ૭૦.૩૦ કરોડનો વિજ ખર્ચ થયેલ છે. તેમજ ૩૦/૦૯/૨૦૨૬ સુધી માં ચાલુ વર્ષ માં ૩૫.૧૬ કરોડ નો વિજ ખર્ચ થયેલ છે. • તે પૈકી ની ૨૦૨ બિલ્ડીંગ પર સોલાર પેનલ છે. જેની કુલ કેપિસિટી ૨.૫ MW છે. • સરકારશ્રી ની કેપટીવ સોલાર પાવર પ્લાન્ટની પોલીસી મુજબ બધા કોર્પોરેશન માટે એકજ લોકેશન પર સોલાર પાવર પ્લાન્ટ સ્થાપીત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટોટલ ૪૫ MW સોલાર પ્લાન્ટ સ્થાપીત કરવા માટે GUDC-GUJARAT URBAN DEVLOPMENT CORPORATION ને તા.૧૬/૦૫/૨૦૨૪ નાં રોજ સહમતિ આપવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા 50% અને RMC દ્વારા 50% ફંડનું પ્રોવીશન કરવામાં આવશે. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ! ૧૩૦.૫ કરોડ ની ફાળવણી કરવાની થશે. • તદ્ઉપરાંત તાજેતરમાં રા.મ.ન.પા. નાં વિવિધ ૯૮ બિલ્ડીંગો ખાતે સોલાર પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવા માટે Gujarat Energy Development Agency (GEDA) પ્રપોઝલ મોકલવા માટેની ફાઈલ પ્રોસેસ કરવામાં આવેલ છે. • આ ઉપરાંત સરકારશ્રીની આ યોજનાને સમાંતરે અનુસરવા મહાનગરપાલિકા દ્વારા ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮ દરમ્યાન અંદાજિત ૧૨ MW જેટલી કેપેસિટીના સોલાર પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવાનું આયોજન છે.

JIVANI BHAVESHBHAI DHIRAJLAL
ROSHNI BRANCH - DY EX ENGINEER ELE

19-11-2026 12:18 PM

માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date:	20-11-2026
Question No:	1(2)
Corporator Name:	SANJAYBHAI ARUNBHAI CHAVDA - Corporator : Ward 05
Question Subject:	કોર્પોરેશન દ્વારા હાલ મિલકતવેરા અને પાણીવેરામાં વ્યાજ રાહતની યોજના અમલ છે યોજના શરુ થઈ ત્યારથી ૧૨-૧૧-૨૦૨૬ સુધી કેટલા મીલ્કત ધારકે લાભ લીધો અને તેનાથી રાજકોટ મહાનગરપાલિકાને કેટલી આવક થય કોર્પોરેશનની આવકમાં કેટલો વધારો થયો?
Department:	TAX BRANCH
Ward:	OTHER
Employee:	E4089-PATEL VATSAL HEMATBHAI
Question Detail:	-
Question Date:	12-11-2026

Answer Details:

રાજકોટ મહાનગરપાલિકા, વેરા વસુલાત શાખા દ્વારા મિલકતધારકો માટે, મિલકતવેરા તથા પાણીવેરાની બાકી રકમ પરના વ્યાજની માફી અંગેની યોજના તા.૦૧/૦૮/૨૦૨૬ થી અમલી છે. જેમાં તા.૦૧/૦૮/૨૦૨૬ થી તા.૧૨/૧૧/૨૦૨૬ સુધીમાં કુલ ૧૦,૩૬૪ કરદાતાઓએ વ્યાજ માફી યોજનાનો લાભ લીધેલ છે. આ કરદાતાઓ દ્વારા કુલ રૂ.૨૦,૬૩,૦૬,૧૫૯/- ની વેરાની રકમ ભરપાઈ કરવામાં આવેલ છે. આ કરદાતાઓને કુલ રૂ.૨,૪૦,૩૯,૧૬૯/- ની રકમની વ્યાજ માફી આપવામાં આવેલ છે.

PATEL VATSAL HEMATBHAI
TAX BRANCH - MANAGER

16-11-2026 05:05 PM